# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 23-02-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **રૂપલ જાની** વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે આકાશવાણી પરથી પ્રસારિત થનારા 'મન કી બાત' કાર્યક્રમમાં પોતાના વિચાર રજૂ કરશે.

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મધ્યપ્રદેશ, બિહાર અને આસામના પ્રવાસે.

3) કેન્દ્રીય મંત્રી શિવરાજસિંહ ચૌહાણે ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા પર ભાર મૂક્યો.

4) પ્રયાગરાજમાં મહાકુંભના ત્રિવેણી સંગમમાં અત્યાર સુધી 60 કરોડથી વધુ ભક્તોએ સ્નાન કર્યું.

5) ICC ચેમ્પિયન્સ ટ્રોફી ક્રિકેટમાં, આજે ભારત અને પાકિસ્તાન વચ્ચે દુબઈમાં મેચ રમાશે.

..........................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# PM - MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ ઉપરાંત આજે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

# PM - VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મધ્યપ્રદેશ, બિહાર અને આસામની મુલાકાતે જશે.

પ્રધાનમંત્રી આજે મધ્યપ્રદેશના બાગેશ્વર ધામ તબીબી અને વિજ્ઞાન સંશોધન સંસ્થાનું ભૂમિપૂજન કરશે. અદ્યતન ઉપકરણો અને નિષ્ણાત તબીબો સાથેની સૂચિત કેન્સર હોસ્પિટલમાં ગરીબ દર્દીઓની વિનામૂલ્યે સારવાર કરાશે.

આ ઉપરાંત પ્રધાનમંત્રી આજે ભોપાલમાં 2 દિવસ માટેની વૈશ્વિક રોકાણકાર પરિષદનું ઉદ્‌ઘાટન કરશે.

આવતીકાલે શ્રી મોદી બિહારના ભાગલપુર ખાતેથી પ્રધાનમંત્રી કિસાન યોજનાના લાભાર્થીઓ માટે સહાયની રકમ છુટી કરશે. તેમજ બિહારમાં વિવિધ વિકાસકામોનું ઉદ્‌ઘાટન અને લોકાર્પણ કરશે.

ત્યારબાદ પ્રધાનમંત્રી આસામમાં ચ્હા ઉદ્યોગને 200 વર્ષ પૂર્ણ થયા એ નિમિત્તે ગુવાહાટી ખાતે યોજાનાર ઝુમોઇર બિનંદિની કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. મંગળવારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગુવાહાટીમાં યોજાનારી બીજા તબક્કાની રોકાણકાર અને માળખાકીય વિકાસ માટેની પરિષદનું ઉદ્‌ઘાટન કરશે.

# SHIVRAJ-FARMERS

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા પર ભાર મૂક્યો છે. કેન્દ્રીય મંત્રીએ હરિયાણાના કુરુક્ષેત્રમાં એક પત્રકાર પરિષદમાં જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય પ્રાકૃતિક ખેતી મિશન શરૂ કર્યું છે. આ અંતર્ગત રાષ્ટ્રીય સ્તરે એક સમિતિની રચના કરવામાં આવશે. તેમણે કહ્યું કે, આ મિશનનું કાર્ય જન આંદોલનના રૂપમાં કરવામાં આવશે.

(BYTE-SHIVRAJ-SINGH-CHAUHAN---NATURAL-FARMING)

# MAHAKUMBH-PROMINENT-DEVOTEES

## હવે મહાકુંભનાં સમાચાર.......

## (MAHAKUMBH OPNING MUSIC)

પ્રયાગરાજમાં મહાકુંભના ત્રિવેણી સંગમમાં 60 કરોડ 74 લાખથી વધુ ભક્તોએ પવિત્ર સ્નાન કર્યું છે. આ ભવ્ય ઉત્સવમાં, દરરોજ વિશ્વભરમાંથી લાખો ભક્તો મહાકુંભમાં સ્નાન કરવા માટે આવી રહ્યા છે. ગઈકાલે, લગભગ 1 કરોડ 43 લાખ ભક્તોએ સંગમ કિનારે પવિત્ર ડૂબકી લગાવી, વધુ અહેવાલ અમારા પ્રતિનિધિ પાસેથી.....

## (BYTE- ABHISHEK-MAHAKUMBH)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

## ગોન્ગ મ્યુઝીક

. . . . . . . . . . . . . .

# JAISHANKAR-MODI-US-VISIT

વિદેશમંત્રી ડૉ. જયશંકરે કહ્યું કે, આ મહિનાની શરૂઆતમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અમેરિકા મુલાકાત ખૂબ જ સારી રહી. ડૉ. જયશંકરે કહ્યું કે, પ્રધાનમંત્રી મોદી અને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે સારો તાલમેલ હતો. શ્રી મોદીએ 12-13 ફેબ્રુઆરીના રોજ અમેરિકાની સત્તાવાર મુલાકાત લીધી હતી, જે દરમિયાન બંને નેતાઓએ અનેક દ્વિપક્ષીય મુદ્દાઓ પર ચર્ચા કરી હતી.

ડૉ. જયશંકરે કહ્યું કે, લોકો જાણે છે કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ખૂબ જ મજબૂત રાષ્ટ્રવાદી છે. શ્રી ટ્રમ્પ અને શ્રી મોદી બંને રાષ્ટ્રવાદી છે અને એકબીજાનું સન્માન કરે છે. ડૉ. જયશંકરે કહ્યું કે, બંને નેતાઓ પોતપોતાના દેશો વિશે એક દ્રષ્ટિકોણ ધરાવે છે અને બંને દેશો સાથે મળીને કામ કરવાનું ચાલુ રાખશે.

# IND-VS-PAK--ICC-CHAMPIONS-TROPHY

ICC ચેમ્પિયન્સ ટ્રોફી ક્રિકેટમાં, ભારત આજે દુબઈ ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં પાકિસ્તાન સામે રમશે. બાંગ્લાદેશ સામેની જીત સાથે શરૂઆત કર્યા બાદ ભારત ઉત્સાહિત છે, જ્યારે ન્યુઝીલેન્ડ સામેની પહેલી મેચ હાર્યા બાદ પાકિસ્તાન દબાણ હેઠળ છે. છેલ્લા દાયકામાં, ખાસ કરીને વર્ષ 2015થી, ભારતીય ટીમ પાકિસ્તાન સામે માત્ર એક જ મેચ હારી છે, જ્યારે સાત જીતી છે અને એક મેચ ડ્રો કરી છે. સાંભળીએ એક અહેવાલ..

(BYTE: SS-DEVENDER kumar)

# TB-CAMPAIGN

આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા 100 દિવસના ક્ષય નાબૂદી અભિયાનમાં દેશભરમાં 5 લાખથી વધુ ક્ષય રોગના દર્દીઓ મળી આવ્યા છે. આ અભિયાનમાં સામેલ 455 જિલ્લાઓમાં, 3.57 લાખથી વધુ ક્ષય દર્દીઓનું નિદાન થયું છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે જણાવ્યું કે, 10 કરોડથી વધુ સંવેદનશીલ વ્યક્તિઓનું આ રોગ માટે પરીક્ષણ કરવામાં આવ્યું છે.

આ અભિયાન હેઠળ, 10 લાખ નિક્ષય શિબિરોએ આધુનિક ટીબી નિદાન સાધનોને લોકોના ઘરોની નજીક લાવવામાં મદદ કરી છે. વધુમાં, 836 નિક્ષય વાહન તૈનાત કરવામાં આવ્યા છે, જેથી સૌથી દૂરના વિસ્તારોમાં કવરેજ સુનિશ્ચિત કરી શકાય. આ અભિયાન શરૂ થયા પછી, 2.4 લાખથી વધુ નિક્ષય મિત્રએ પણ નિક્ષય શપથ દ્વારા નોંધણી કરાવી છે, જે વ્યક્તિઓ અને સમુદાયના નેતાઓ સહિત અન્ય લોકો ટીબી દર્દીઓને પોષણયુક્ત બાસ્કેટ, મનોસામાજિક અને વ્યાવસાયિક સહાય પૂરી પાડવા માટે પ્રોત્સાહિત કરે છે.

# WPL-CRICKET

મહિલા ક્રિકેટ પ્રીમિયર લીગની T20 મેચમાં યુપી વોરિયર્સે દિલ્હી કેપિટલ્સ સામે 33 રનથી વિજય મેળવ્યો. બેંગલુરુના એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં દિલ્હી કેપિટલ્સે પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો. યુપીએ 20 ઓવરમાં 9 વિકેટ ગુમાવીને 177 રન બનાવ્યા હતા, જ્યારે દિલ્હી કેપિટલ્સ 19 ઓવર અને 3 બોલમાં 144 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

યુપી તરફથી શિનેલ હેનરીએ સૌથી વધુ 23 બોલમાં 62 રન બનાવ્યા. દિલ્હી કેપિટલ્સ તરફથી જેસ જોનાસને 4 વિકેટ લીધી.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે પ્રવેશ અડિએચા

1) આજના તમામ અખબારોએ વિવિધ સમાચારને મુખ્યમથાળામાં સ્થાન આપ્યું છે. ગુજરાત સમાચાર લખે છે, ચીનમાં નવો કોરોના વાઈરસ મળતાં વિશ્વમાં ફફડાટ. "તેલંગાણામાં ટનલ ધસીઃ 8 મજૂર ફસાયા"ને ફૂલછાબે મુખ્યશીર્ષક બનાવ્યું છે. સંદેશ લખે છે, I.C.C. ટ્રોફીઃ આજે ભારત-પાકિસ્તાન વચ્ચે મુકાબલો. નવગુજરાત સમયે "આજે ભારત-પાકિસ્તાન ટકરાશેઃ રોમાંચ ચરમસીમાએ"ને મુખ્યશીર્ષક બનાવ્યું છે.

2) દિવ્ય ભાસ્કર લખે છે, સુપર સન્ડે મેચ... દુબઈનું સ્ટેડિયમ ફૂલ, જેમને ટિકિટ નથી મળી એ ડીજે-ડાન્સ સાથે મેચ જોશે, ભારત જીતશે તો હોલી પાર્ટી થશે. રાજસ્થાન પત્રિકા લખે છે, દુબઈ મેં ટીમ ઔર ટીવી પર ભારત-પાકિસ્તાન કે સમર્થકો મેં આજ જંગ.

3) કેન્દ્રીય મંત્રી શિવરાજસિંહ ચૌહાણે એર ઇન્ડિયાને ઠપકો આપ્યો તે સમાચાર સંદેશ અને નવગુજરાત સમયે પહેલા પાના પર લીધા છે. સંદેશ લખે છે, શિવરાજસિંહ ચૌહાણે એર ઇન્ડિયાને આડેહાથે લીધી, તૂટેલી સીટને લઈ ખફા. નવગુજરાત સમય લખે છે, મંત્રી શિવરાજ સિંહને વિમાનમાં તૂટેલી સીટ પર બેસવું પડ્યું.